છત્રાલ આંગડીયા પેઢીના માલિકને રીવોલ્વર બતાવી લુંટવાનો પ્રયાસ કર્યો

પેઢી માલિક સાથે ઝપાઝપી થતા આસપાસના નાગરીકો દોડી આવતા ત્રણેય જણા દોડી ઈનોવામાં બેસી ફરાર થયા

ગાંધીનગર,તા.૫

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના છત્રાલ જીઆઈડીસી વિસ્તારમાં આવેલી પી.એમ.એન્ટરપ્રાઈઝ નામની આંગડીયા પેઢીને ભર બપોરે ત્રણ શખ્સોએ ટાર્ગેટ કરી હતી. રીવોલ્વર દેખાડી શખ્સોએ વેપારીને લુંટવાનો પ્લાન ઘડ્યો હતો. પરંતુ શખ્સોને પ્લાન પર પાણી ફરી વળ્યું હતું. કારણ કે જે સમયે તે પેઢીમાં આવ્યા હતા તે સમયે પેઢીમાં રોકડા રૂપીયા ન હતા. જયારે નકલી રિવોલ્વર હોવાનું વેપારીને લાગતા તેણે ત્રણેય શખ્સનો પ્રતિકાર કરતા ત્રણેય ઈનોવા કારમાં ભાગી ગયા હતા.જયારે આ શખ્સોને પકડી પાડવા માટે પોલીસની વિવિધ ટીમો કામે લાગી ગઈ છે. બનાવ અંગે કલોલ તાલુકા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ છત્રાલ જીઆઈડીસી પ્રિયા એવન્યુ કોમ્પ્લેક્ષમાં જતીન બાબુભાઈ પટેલ પી.એમ. એન્ટરપ્રાઈઝ નામની આંગડીયા પેઢી આઠ વર્ષથી ચલાવે છે. ગઈકાલે સવારના સમયે જતીનભાઈ પોતાની પેઢી પર હાજર હતા. જો કે પેઢીમાં કોઈ કર્મચારી રાખ્યો ન હોવાથી તે મોટાભાગનુ કામ તેઓ કરી લે છે.તેઓની પેઢીના મધ્ય ભાગમાં લોખંડની જાળી ફીટ કરવામાં આવી છે.ત્યારે બપોરના સમયે જતીનભાઈ પેઢીની લોખંડની જાળી બંધ કરી ટીફીન ખોલી જમવાનું પુરુ કરી પાણી પી રહ્યા હતા. તે સમયે ત્રણ શખ્સો પેઢી પર આવ્યા હતા. જેથી જતીનભાઈએ આવવાનું કારણ પુછતા એક શખ્સે જાળી ખોલવાનો પ્રયાસ કર્યો હતો.જયારે જતીનભાઈ કંઈ સમજે કે વિચારે તે પહેલા બીજા શખ્સે રિવોલ્વર તાકી દીધી હતી. રીવોલ્વર જોઈને જતીનભાઈ ગભરાઈને ટેબલ નીચે છુપાઈ ગયા હતા. જેને પગલે ત્રણેય શખ્સો પેઢીમાં ઘુસીને થેલા ફેંદી રહ્યા હતા. તે સમયે જતીનભાઈએ રીવોલ્વર તાકનાર શખ્સને પકડી પાડ્યો હતો. શખ્સ પાસે રહેલી રિવોલ્વર નકલી હોવાનો અંદાજ આવતા જતીનભાઈએ પ્રતિકાર કર્યો હતો. તે સમયે અન્ય બે શખ્સોએ આવી પહોંચીને આંખના ભાગે રીવોલ્વર મારી દેતા ઈજા પહોંચી હતી. ઝપાઝપી અને મારામારીને પગલે આસપાસના દુકાનના વેપારીઓ આવી ગયા હતા. જેથી ત્રણેય શખ્સ ભાગીને નંબર પ્લેટ વિનાની ઈનોવા કારમાં બેસી ગયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અટલ ભૂજલ યોજનાની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૫

ભૂગર્ભ જળ વ્યવસ્થાપનમાં સુધારો લાવી ભૂગર્ભ જળને નીચ જતા રોકવાના ઉમદા આશયથી રાજયમાં ગાંધીનગર જિલ્લા સહિત ૬ જિલ્લામાં અટલ ભૂજલ યોજના અમલી બનાવવામાં આવી છે. તાજેતરમાં ગાંધીનગર જિલ્લામાં અટલ ભૂજલ યોજનાની કામગીરીની સમીક્ષા બેઠક ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં અટલ ભુજલ યોજના અંતર્ગત જન સમુદાયની સહભાગીતા બનાવવામાં આવેલા ૧૯૨ ગામોમાં વોટર સિક્યોરીટી પ્લાનમાં જળપુરવઠો વધારવા માટે રૂપિયા ૬૨૫૭ લાખના જળ સંચયના કામોનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિનો વ્યાપ વધારવા માટે રૂપિયા ૪૯૮૦ લાખના કામોનું આયોજન કરવામાં આવ્યું છે.

તાજેતરમાં મળેલ બેઠકમાં ગાંધીનગર જિલ્લા કલેકટર અને જિલ્લા પ્રોજેકેટ મેનેજમેન્ટ યુનિટના ચેરમેન ડૉ. કુલદીપ આર્યએ દરેક ડી.આઈ.પી દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી હતી. તેમજ આ બેઠકમાં ઉપસ્થિત સંબંધિત જિલ્લાની કચેરીના અધિકારીઓને બજેટમાંથી વોટર સિક્યોરીટીમાં સુચવેલ કામોનો સમાવેશ ખાસ કરવો. તેમજ હાથ ધરવામાં આવતી તથા બજેટમાં આયોજિત યોજનાની વિગતો કાર્યપાલક ઈજનેર, ડી.પી.એમ.યુ (અટલ ભુજલ), સુજલામ સુફલામ યુનિટ-૨, ગાંધીનગરને આપવાનું ભારપૂર્વક અધિકારીઓને જણાવ્યું હતું. તેમજ આ યોજના ધ્યેયને સિધ્ધ કરવા સુચારું આયોજન કરવા માટે પણ ખાસ જણાવ્યું હતું.

કાનપુર પ્રા. શાળાનો ૭૧મો સ્થાપના દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર તાલુકાના કાનપુર ગામમાં આવેલ સરકારી પ્રાથમિક શાળાના ૭૧મા સ્થાપનાદિનની ઉત્સાહભેર ઉજવણી કરવામં આવી હતી. કાનપુર ગામમાં વર્ષો પહેલાં પ્રાથમિક શાળા હતી નહી. આથી ગામના બાળકોને પ્રાથમિક શિક્ષણ લેવા માટે આજુબાજુના ગામમાં જવું પડતું હતું. ગામના વરિષ્ઠ શિક્ષક કેશવલાલ પટેલે શિક્ષણનું મહત્વ સમજીને ગામમાં પ્રાથમિક શાળાની સ્થાપના માટે સિંહ ફાળો આપ્યો અને શાળાની સ્થાપના ખાનગી મકાનમાં કરી હતી. ગામમાં આ શાળામાં અભ્યાસ કરી ૨૦ જેટલા શિક્ષક બન્યા, ૨૫ જેટલા પોલીસ તથા ૪ ડોક્ટર અને ૫ જેટલા વકીલ બન્યા.

ગામની પ્રાથમિક શાળાની એસ.એમ.સી. કમિટીના યુવાન પ્રમુખ જીગ્નેશ પટેલ તથા ગામની પ્રાથમિક શાળાના ઉત્સાહી આચાર્ય પરેશભાઈ ગોસ્વામીએ એક વર્ષ અગાઉ શાળાની કાયાપલટ કરવાની મહેતન શરૂ કરી. ગામમાંથી દાતાઓ મળ્યા તથા સરકારની સહાયથી ખાનગી શાળાઓને ટક્કર આપે તેવી સુવિધાઓ, મેદાન, બગીચો સહિત શાળાની સિકલ બદલી નાખવામાં આવી. શાળાના સ્થાપના દિનની ઉજવણી મુખ્ય દાતા અશોકભાઈ ચૌધરી પી.એસ.આઈ. તથા ગામના સરપંચ ગીતાબેન ચૌધરીના અધ્યક્ષસ્થાને કરવામાં આવી. શાળાના બાળકો દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા અને દાતાઓનું તથા અભ્યાસ કરી સારી નોકરી મેળવવામાં સફળ રહેલા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગામના આગેવાનો, નિવૃત્ત શિક્ષકો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ગ્રામજનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય પરેશભાઈ ગોસ્વામીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

એસઆરપી ઉમેદવારોએ વેઈટીંગ લીસ્ટ મુદ્દે ગૃહમંત્રીને રજુઆત કરી

વર્ષ ૨૦૧૬-૧૭માં લેવાયેલી એસઆરપી પરિક્ષાનું વેઈટીંગ લીસ્ટ મુદ્દે ઉમેદવારો ગૃહમંત્રી હર્ષ સંઘવીને મળવા પહોચ્યા હતા. ઉમેદવારોએ ગૃહમંત્રીને ભરતીનું વેઈટીંગ લીસ્ટ જાહેર કરવાની રજુઆત કરી છે. ભરતી અંતગર્ત ૨૦ ટકા વેઈટીંગ લીસ્ટ રાખવામાં આવ્યું હતું. તે પૈકી ૧૦ ટકા ઉમેદવારોનું વેઈટીંગ લીસ્ટ જાહેર કરાયું છે. જયારે ૧૦ ટકા વેઈટીંગ લીસ્ટ જાહેર કરવાનું બાકી છે. ઉમેદવારોની રજુઆતને ગૃહમંત્રી દ્વારા હકારાત્મક પ્રત્યુતર મળ્યો છે. આગામી એક સપ્તાહમાં વેઈટીંગ લીસ્ટ જાહેર કરવાની બાંહેધરી આપવામાં આવી છે.

દંતાલી ગામથી ૩ શકુની ઝડપાયા બે ફરાર

ગાંધીનગર,તા.૫

ગાંધીનગર નજીક આવેલા દંતાલી ગામની શાળાની પાછળના ભાગે ખુલ્લા ખેતરમાં જુગાર રમી રહેલા ત્રણ શકુનીઓને રૂ.૧૫ હજારથી વધુની મત્તા સાથે પકડી પાડ્યા છે.

જયારે બીજીતરફ નાસી છુટેલા બે જુગારીઓને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ દંતાલી ગામની શાળાની પાછળના ભાગે ખુલ્લા ખેતરમાં બાજી માંડીને બેઠેલા શકુનીઓની અડાલજ પોલીસને પેટ્રોલીંગ દરમિયાન બાતમી મળી હતી.

જેથી પોલીસે સ્થળ પર દરોડો પાડી કુંડાળુ વળીને જુગાર રમી રહેલા છબીલ દિનેશ ઠાકોર, મેહુલ રમેશ દંતાણી અને જૈમિન પટેલને પોલીસે પકડી પાડ્યા હતા. જયારે પોલીસને જોઈ જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે જુગારીઓના દાવ પરથી અને અંગજડતીમાંથી મળી કુલ રૂ.૧૫,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. જેમાં દંતાલી ગામના રસિક ભીખાલાલ પટેલ, દિનેશ જવાનજી ઠાકોર નાસી છુટેલા જુગારીઓ છે જેને પકડવા પોલીસ તજવીજ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ માટે નવી ગાડીની માંગણીને સરકારે સ્વીકારી ખરીદી કરવા મંજૂરી આપી છે. ઘણા લાંબા સમય બાદ પ્રમુખની નવી ગાડી ખરીદાશે.

● જિલ્લા કલેક્ટરશ્રીએ વિવિધ કેસોની સુનાવણી કરી હતી.

● રાજયના મુખ્યમંત્રી અને રાજયપાલશ્રી આજે પ્રાકૃતિક ખેતી અંગે જિલ્લાના અધિકારીઓ સાથે ઓનલાઈન જોડાઈ સીધી વાત કરશે.

● ગાંધીનગર જિલ્લામાં ખરીફ સિઝનની વાવણીનો આરંભ ૨૦મી પછી ખેડૂતો કરશે તેમ મનાઈ રહ્યુ છે.

● સાબુ-શેમ્પુના ભાવોમાં ૪ થી ૧૩ ટકાનો વધારો થતાં હવે નગરજનો અને જિલ્લાવાસીઓ પણ ચોંકી ઉઠ્યા છે.

● દહેગામ પી.આઈ.ના પર્સનલ રાઈટરની બદલી થતાં પોલીસ બેડામાં ચર્ચાઓએ જોર પકડ્યું છે.

● જિલ્લા કોંગ્રેસના પૂર્વ મહામંત્રી સુહાગ પંચાલે કોંગ્રેસમાંથી રાજીનામુ આપતાં જિલ્લાનો રાજકીય માહોલ ગરમાયો છે.

● સુજલામ સુફલામ યોજના અંતર્ગત જિલ્લામાં ચાલી રહેલી ધીમી કામગીરીને પગલે જિલ્લા કલેક્ટરે સખ્ત નારાજગી વ્યક્ત કરી છે.

● ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લાકક્ષાની એથ્લેટીક્સ સ્પર્ધાઓ સે. ૧૫ના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ગ્રાઉન્ડ પર યોજાશે.

શહેરના મુસાફરો પાસની સુવિધાનો લાભ લેતા આવકમાં અધધ વધારો

ગાંધીનગર,તા.૫

૧૫ દિવસનુ ભાડુ ચુકવો અને ૩૦ દિવસ મુસાફરી કરો આ યોજના એસટી વિભાગ માટે લાભદાયી નીવડી છે. આ યોજના અંતર્ગત એસટી બસમાં દરરોજ લાખો મુસાફરો મુસાફરી કરે છે. ત્યારે ગાંધીનગર એસટી ડેપોને પણ મુસાફર પાસ દ્વારા આ વર્ષે રૂ.૧.૯૩ કરોડની અધધ આવક થવા પામી છે. ગત વર્ષની સરખામણીમાં એસટી ડેપોની આવકમાં આ વર્ષે રૂ.૧ કરોડનો વધારો થયો છે. સલામત સવારી એસ ટી અમારી સ્લોગન સાથે દોડતી બસોનો લાભ રાજયના છેવાડાના માનવી સુધી મળી રહે છે. લાખો કિલોમીટરના રોડ નેટવર્ક પર બસો દોડાદોડી કરતી નજરે જોવા મળે છે. ત્યારે એસટી બસની સુવિધાનો રોજ મુસાફરી કરતા હોય તેવા લાખો મુસાફરો છે. જેને પગલે તંત્ર દ્વારા મુસાફર પાસની સુવિધા ઉભી કરાઈ છે. મુસાફરો મોટીમાત્રમાં મુસાફર પાસનો લાભ મેળવી રહ્યા છે. આ યોજના થકી એસટી બસની આવકમાં પણ ફેર પડ્યો છે. તો બીજતરફ મુસાફરો સલામત રીતે શાંતિ થી બેસની મુસાફરીનો લાભ લઈ શકે છે.ત્યારે ગત વર્ષે કોરોના કાળમાં નાગરીકો બસની મુસાફરી કરતા ન હતા. તેથી મુસાફર પાસની સંખ્યા પણ નહીવત રહેવા પામી હતી. ગત વર્ષ મુસાફર પાસની આવક રૂ.૯૧.૩૬,૯૦૪ થઈ હતી. જયારે કોરોના સમય પૂરો થઈ જતા જનજીવન નિયમિત થઈ જતા મુસાફરોની સંખ્યામાં ફરીવાર ઉછાળો જોવા મળ્યો છે.ત્યારે ગાંધીનગરથી નિયમિત આવન-જાવન કરતા મુસાફરોએ ૧૫ દિવસનુ ભાડુ ચુકવી ૩૦ દિવસની મુસાફરી કરો તે સુવિધા અન્યવયે પાસની સંખ્યાં વધુ જોવા મળી છે.જેને પગલે એસટી બસની આવકમાં પણ તોંતિગ વધારો જોવા મળ્યો છે.છેલ્લા વર્ષ દરમિયાન મુસાફર પાસ કઢાવી ને મોટીસંખ્યામાં મુસાફરોએ આવન જાવન કરતા ગાંધીનગર ડેપોને રૂ.૧.૯૩,૨૧,૯૯૦ની આવક થવા પામી છે. પેટ્રોલ-ડિઝલના ભાવ વધારાને પગલે ખાનગી વાહન ચાલકોએ ભાડામાં વધારો ઝીકી દેતા મુસાફરો એસટી બસની સલામતી સવારી પસંદ કરતા આવકમાં વધારો જોવા મળી રહ્યો છે.

બ્રહ્માકુમારીઝ દ્વારા નેશનલ મીડિયા કોન્ફરન્સ-૨૦૨૨નું આયોજન

ગાંધીનગર, તા.૦૫

બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલયની મીડિયા વિંગ દ્વારા આગામી તા.૨૯મી ઓગસ્ટથી રજી સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમિયાન બ્રહ્મા કુમારીઝ, શાંતિવન, આબુરોડ પરિસરમાં "ભારત ઉકેલ પત્રકારત્વમાં સમૃદ્ધ છે" વિષય પર નેશનલ મીડિયા કોન્ફરન્સ-૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું છે. . જેમાં આશરે ૧૫૦૦થી વધુ મીડિયા કર્મીઓ ભાગ લેશે.

આ મીડિયા કોન્ફરન્સમાં અખબારો - મેગેઝીનના માલિકો, પ્રકાશકો, તંત્રીઓ, પ્રબંધકો, બ્યુરો ચીફ/મુખ્ય સંવાદદાતાઓ, પ્રેસ રિપોર્ટરો/ સંવાદદાતાઓ, વરિષ્ઠ પત્રકારો, કોલમ લેખકો, રેડિયો અને ટી.વી. સીઈઓ, ડિરેક્ટર્સ, પ્રોગ્રામ ઓફિસર્સ, એડિટર્સ, બ્રોડકાસ્ટર્સ, કેબલ ટીવી ઓપરેટર્સ, ફિલ્મ પ્રોડ્યુસર્સ અને ડિરેક્ટર્સ, એકર, લેખકો, પ્રેસ ફોટોગ્રાફર્સ, વીડિયોગ્રાફર્સ, મંત્રીઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિકારીઓ, માહિતી અને જનસંપર્ક મંત્રી, જનસંપર્ક અધિકારીઓ, પીઆઈબી, સમાચાર એજન્સીના મંત્રીઓ અને અધિકારીઓ, જાહેરાત એજન્સી, આઈટી/સોશિયલ મીડિયા, ટેલિકોમ અને પોસ્ટલ વિભાગ, મીડિયા પ્રોફેસરો અને મીડિયા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. આ કોન્ફરન્સ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન બ્રહ્માકુમારી નિવાસની વેબસાઈટ પર કરવામાં આવશે. ઓનલાઈન નોંધણી માટે સ્થાનિક બ્રહ્માકુમારી સેવા કેન્દ્રનો સંપર્ક કરી શકાશે તેવું અખબારી યાદીમાં જણવાયું છે.

વડોદરા ગામની પરિણિતાએ ચાર શખ્સો સામે માનસિક ત્રાસની ફરીયાદ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાના વડોદરા ગામની પરિણિતાને પતિ, સાસુ, કાકાજી તેમજ દિયર સહિતના ભેગા મળીને કામ અંગે મેણા ટોણા મારી માનસિક ત્રાસ આપી માર મારતા પરિણિતાએ ચાર વ્યકિત સામે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વડોદરા ગામે વિહત માતાના મંદિર પાસે રહેતા હિરલ અનિલભાઈ દંતાણી (ઉં.૨૦) પોતાના પરિવાર સાથે રહે છે. તેણીના પતિ છુટક મજુરી કરે છે. જયારે હીરલના લગ્ન પાંચ વર્ષ અગાઉ થયા હતા. લગ્ન જીવન દરમિયાન ત્રણ વર્ષની દિકરી છે. ત્યારે ફરીયાદીના સાસુ સસરા અને ત્રણ નણંદ પણ જોડે રહેતા હતા. તેણીને પતિ લગ્નના થોડા સમય સારુ રાખતા હતા. પરંતુ લગ્નના થોડા સમય પછી તેઓ કામ અંગે વારંવાર હેરાન પરેશાન કરતા હતા. ત્યારે તેમનુ ઉપરાણુ લઈને ફરીયાદીના સસરા આવતા બંને ભેગા મળી મારઝુડ કરતા હતા. પરંતુ પરિણિતા બધુ જ સહન કરતી હતી. જયારે પાડોશમાં રહેતા કાકાજી અને તેમનો દિકરો પણ ફરીયાદીના પતિને કાનભંભેરણી કરીને બધા એકઠા થઈને માર મારતા હતા. ત્યારે ઝઘડાને પગલે પિયર આદીવાડા આવી હતી ત્યાં થોડા સમય રોકાઈને પરત ફરી હતી. ત્યારબાદ પણ માનસિક ત્રાસ યથાવત રહ્યો હતો. પરિણિતાના સાસુ કંઈ કહેતા તો તેઓને પણ બંધ કરાવી દેતા હતા. ગત તા.૩ ના રોજ સાંજના ચાર વાગ્યાના અરસામાં પરિણિતા સાસરે હતી તે સમયે તેના પતિએ કહ્યું કે મારે તને રાખવી નથી તુ તારા પિયર જતી રહે જેથી પરિણિતાએ ના પાડતા તેના પતિએ ગાલ પર તમાચો ઝીંકી દીધો હતો. જેથી સહનશકિતની હદ આવી જતા પરિણિતાએ ઘર પાસે આવેલી ઝાડીમાં જઈને ઝેરી દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી તેને ચક્કર આવતા તાત્કાલીક દહેગામ ખાનગી દવાખાને લઈ ગયા હતા.ત્યારબાદ સાસરીમાં આવ્યા બાદ પરિણિતાને તેના કાકાજી તેના પિયર મુકી ગયા હતા.જયાં પરિણિતાના પિતાજી તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ લાવ્યા હતા. ત્યારે બનાવ અંગે પરિણિતાએ ચાર સામે ડભોડા ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જૂના સચિવાલય તરીકે ઓળખાતા ડૉ. જીવરાજ મહેતા ભવનની જાણે સતત ઉપેક્ષા કરવામાં આવે છે. સાફ-સફાઈ બાબતે અહીં જાણે કોઈ રણીધણી જ ન હોય તેમ ચારે તરફ ગંદકી અને કચરો જ જોવા મળે છે. બ્લોક નં. ૪ ની સામે કચરાનો ઉકરડો જોવા મળી રહ્યો છે. ચારેબાજુ પ્લાસ્ટીકનો કચરો વિખરાયેલો છે.

માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા ત્રિદિવસીય યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૫

માનસ યોગ સેવા ટ્રસ્ટ ગાંધીનગર તથા પતંજલી યોગ સમિતિ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે અભિયાન અંતર્ગત ત્રિલોકનાથ વાત્સલ્ય વાટીકા ખાતે ગીતાદીદીના સાંનિધ્યમાં ત્રિદિવસીય યોગ શિબિરનું ૪ મેના રોજ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આશ્રમની નાની બાળાઓ માટે ત્રિદિવસીય યોગ શિબિર તેમજ માર્શલ આર્ટની ટ્રેનિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરના પ્રથમ દિવસે પતંજલિ યોગ સમિતિના ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ યોગાચાર્ય ડૉ. કાનજીભાઈ બાવરી દ્વારા આશ્રમની નાની ફૂલ જેવી બાળાઓ કે જેઓ કોરી સ્લેટ સમાન છે તેઓને ભારતીય સંસ્કૃતિ અને ઋષિ પરંપરા અનુસાર જીવનશૈલી તેમજ ઉત્તમ યોગ અભ્યાસનુ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ખીચડી-શાકનું વિતરણ

ગાંધીનગર, તા.૫

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા છાત્રેશ્વરી, મોડાસા ખાતે શાળાઓમાં ઉપથી વધુ લાભાર્થીઓને ખીચડી શાકનું વિતરણ કરવામાં આવ્યું હતું. છેલ્લા ૩ વર્ષથી દર રવિવારે આ કાર્યક્રમ કરવામાં આવે છે. શ્રી ગજાનન સેવા સમિતિની ટીમ દ્વારા પીએચડીની સાથે પ્રત્યેકને ગાંઠીયા, પૌષ્ટિક બિસ્કીટ આપવામાં આવ્યા હતા. મહેશસિંહ, સુરેશ તથા મિલિન્દભાઈ આ સેવાકાર્યમાં ઉપસ્થિત રહ્યા હતા.

ચિલોડા શ્રી સ્વામિનારાયણ સ્કૂલ ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત બહેનોની કબડ્ડી સ્પર્ધા યોજાઈ

ચિલોડા, તા. ૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રૂપ માધ્યમિક શાળાના પટાંગણમાં ખેલ મહાકુંભ-૨૦૨૨ જિલ્લા કક્ષાની કબડ્ડની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉદ્ઘાટન પ્રસંગે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન તથા અગ્રણી મીનાબેન લલિતસિંહ ઠાકોર, ચિલોડા સરપંચ જયમીનભાઈ પટેલ, નટુભાઈ પટેલ પત્રકાર, ચિલોડા સેવા સહકારી મંડળીના મંત્રી જયંતિભાઈ પટેલ, ટ્રસ્ટી મંડળીના સભ્યો તેમજ બાલ સ્વરૂપદાસજી સ્વામીજી વગેરે મહાનુભાવો સહિત દહેગામ, ગાંધીનગર, કલોલ તથા માણસાની શાળાના ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનમાં સૌ ખેલાડીઓને ખેલદિલીપૂર્વક રમતમાં ભાગ લેનાર સૌ રમતવીરોને આશીર્વચન આપ્યા હતા.

આ સ્પર્ધામાં અન્ડર-૧૪માં પ્રથમ દહેગામ ટીમ, બીજો ગાંધીનગર સિલેક્શન અને ત્રીજા ક્રમે ગાંધીનગર જ્યારે અન્ડર-૧૭ ગાંધીનગર વિજેતા, બીજો ગાંધીનગર સિલેક્શન અને ત્રીજા ક્રમે માણસા ટીમ વિજેતા બની હતી. આ ઉપરાંત ઓપન સ્પર્ધામાં બીજા ક્રમે કલોલ અને ગાંધીનગર ટીમ ત્રીજા નંબરે વિજેતા બની હતી. આ રમતોત્સવમાં બહેનોની કબડ્ડીમાં સૌ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી ઉત્સાહભેર ભાગ લીધો હતો.